**30.01.2023** પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

“ મીઠાં બાળકો - તમે ઈશ્વરીય સંતાન છો , તમારું આ અમૂલ્ય જીવન છે , તમારું ઈશ્વરીય કુળ બહુજ શ્રેષ્ઠ છે . સ્વયં ભગવાને તમને એડોપ્ટ કર્યા ( અપનાવ્યાં ) છે , આ જ નશા માં રહો”

પ્રશ્ન :- શરીર નું ભાન તૂટી જાય - એનાં માટે કયા અભ્યાસ ની આવશ્યકતા છે?

ઉત્તર :- ચાલતાં-ફરતાં અભ્યાસ કરો કે આ શરીરમાં અમે થોડા સમય માટે નિમિત્ત માત્ર છીએ. જેવી રીતે બાપ થોડા સમય માટે શરીરમાં આવ્યાં છે એવી રીતે મુજ આત્માએ પણ શ્રીમત પર ભારતને સ્વર્ગ બનાવવા માટે આ શરીર ધારણ કર્યું છે. બાપ અને વારસો યાદ રહે તો શરીરનું ભાન તૂટી જશે, આને જ કહેવાય છે સેકન્ડમાં જીવનમુક્તિ. ૨ ) અમૃતવેલા ઉઠી બાપ સાથે મીઠી-મીઠી વાતો કરો તો શરીરનું ભાન ખતમ થતું જશે.

ગીત :- ઓમ્ નમો શિવાય.....

ઓમ્ શાંતિ ! ભગવાન હોય જ છે એક જે બાપ પણ છે, બાળકોને સમજાવાયું છે - આત્માનું રુપ કોઈ એટલું મોટું લિંગ નથી. આત્મા તો ખૂબ નાનાં સ્ટાર (સિતારા) જેવો ભ્રકુટી ની વચ્ચે છે. કોઈ એટલું મોટું જ્યોર્તિલિંગમ નથી, જેવું મંદિરોમાં રાખેલું છે. ના. જેવો આત્મા તેવાં પરમાત્મા બાપ છે. આત્મા નું રુપ મનુષ્ય જેવું નથી. આત્મા તો મનુષ્ય તન નો આધાર લેવા વાળો છે. આત્મા જ બધું કરે છે. સંસ્કાર બધાં આત્મામાં છે. આત્મા સ્ટાર છે. આત્મા જ સારા તથા ખરાબ સંસ્કારો અનુસાર જન્મ લે છે. તો આ વાતો ને સારી રીતે સમજવાની છે. મંદિરોમાં લિંગ રાખેલું છે તેથી સમજાવવા માટે આપણે પણ શિવલિંગ દેખાડીએ છીએ. આનું નામ શિવ છે, વગર નામ ની કોઈ વસ્તુ હોતી નથી. કાંઈ ને કાંઈ આકાર છે. બાપ છે પરમધામ માં રહેવા વાળા. પરમાત્મા બાપ કહે છે જેવી રીતે આત્મા શરીરમાં આવે છે તેવી રીતે મારે પણ આવવું પડે છે, નર્ક ને સ્વર્ગ બનાવવાં. બાપની મહિમા સૌથી ન્યારી છે. હમણાં આપ બાળકો જાણો છો, આપ આત્માઓ આવ્યાં છો અહીં પાર્ટ ભજવવાં. આ બેહદનો અનાદિ અવિનાશી ડ્રામા છે, આનો ક્યારેય વિનાશ નથી થતો. આ ફરતો જ રહે છે. બાપ રચયિતા પણ એક છે, રચના પણ એક છે. આ બેહદ સૃષ્ટિ નું ચક્ર છે. ૪ યુગ છે. બીજો છે કલ્પ નો સંગમયુગ, જેમાં જ બાપ આવીને પતિત દુનિયા ને પાવન બનાવે છે. આ ચક્ર ફરતું રહે છે. આપ બાળકોને હવે સ્મૃતિ આવી છે કે આપણે સર્વ આત્માઓ પરમધામમાં રહેવા વાળા છીએ. આ કર્મક્ષેત્ર પર પાર્ટ ભજવવા આવ્યાં છીએ. આ બેહદનાં ડ્રામા ને રીપીટ થવાનું છે. બાપ છે બેહદનાં માલિક. એ બાપની અપરમપાર મહિમા છે. એવી મહિમા બીજા કોઈની નથી. એ મનુષ્ય સૃષ્ટિનાં બીજરુપ છે. બધાનાં ફાધર (પિતા) છે. બાપ કહે છે હું પારકી રાવણની દુનિયામાં આવું છું. એક તરફ છે આસુરી ગુણો વાળો સંપ્રદાય. બીજી તરફ છે દૈવીગુણો વાળો સંપ્રદાય, એને કંસપુરી પણ કહે છે. કંસ અસુર ને કહેવાય છે. શ્રીકૃષ્ણને દેવતા કહેવાય છે. હવે બાપ આવ્યાં છે દેવતા બનાવવાં અને બધાંને પાછા લઈ જવાં, બીજા કોઈની તાકાત નથી. બાપ જ બેસી બાળકોને શિક્ષા આપી દૈવી ગુણ ધારણ કરાવે છે. આ બાપની જ ફરજઅદાઈ છે. બાપ કહે છે જ્યારે બધાં તમોપ્રધાન થઈ જાય છે, મને ભૂલી જાય છે, નથી ફક્ત ભૂલી જતાં પરંતુ મને પત્થર ઠિક્કરમાં ઠોકી દે છે, એટલી ગ્લાનિ (નિંદા) કરી દે છે ત્યારે તો હું આવું છું. મારા જેવી ગ્લાનિ કોઈની નથી કરતાં, ત્યારે તો હું આવીને તમારો લિબ્રેટર (મુક્તિદાતા) બનું છું. બધાંને મચ્છરો સદૃશ્ય લઈ જઈશ. બીજું કોઈ આમ કહી ન શકે કે મનમનાભવ, મુજ પોતાનાં પરમપિતા પરમાત્મા ને યાદ કરો તો તમારા વિકર્મ વિનાશ થશે. શ્રીકૃષ્ણ તો કહી ન શકે. પરમાત્મા ની મહિમા તો બાળકો જાણે છે. એ જ્ઞાનનાં સાગર, સુખનાં સાગર છે. પછી સેકન્ડ (બીજા) નંબર માં છે બ્રહ્મા, વિષ્ણુ, શંકર. બ્રહ્મા દ્વારા સ્થાપના કોણ કરશે? શું શ્રીકૃષ્ણ? પરમપિતા પરમાત્મા શિવ બેસી સમજાવે છે કે પહેલાં-પહેલાં મને જોઈએ બ્રાહ્મણ. તો બ્રહ્મા દ્વારા બ્રાહ્મણ મુખ વંશાવલી રચું છું. તે છે કુખ વંશાવલી. તમે હમણાં સંગમ માં બ્રહ્માનાં સંતાન છો. બાપ આવીને શૂદ્ર થી બ્રાહ્મણ બનાવે છે. હમણાં તમે છો ઈશ્વરીય કુળ નાં. ઈશ્વર થયાં નિરાકાર, બ્રહ્મા થયાં સાકાર. બાપ પહેલાં-પહેલાં બ્રાહ્મણ પછી દેવતા બનાવે છે. દેવતા પછી ક્ષત્રિય...આ ચક્ર ફરતું રહે છે. પછી એનાંથી બીજા ધર્મ નીકળે છે. મૂળ છે ભારત, આ ભારત અવિનાશી ખંડ છે, જ્યાં બાપ આવીને સ્વર્ગ બનાવે છે. એ બાપ પણ છે, શિક્ષક પણ છે, તમારા સદ્દગુરુ પણ છે. એને પછી સર્વવ્યાપી કેવી રીતે કહી શકાય. એ તો તમારા બાપ છે.

આ દુનિયામાં સિવાય આપ બ્રાહ્મણોનાં કોઈ ત્રિકાળદર્શી હોઈ નથી શકતાં. આપ બાળકો સમજો છો કે પરમપિતા પરમાત્માની સાથે અમે પરમધામ નાં રહેવા વાળા છીએ. પછી નંબરવાર કર્મક્ષેત્ર પર આવીએ છીએ. પછી અંતમાં અમે જ જઈએ છીએ. ૮૪ જન્મ પૂરાં લેવાનાં છે.

બાપ સમજાવે છે-તમે કેટલાં જન્મ લીધાં અને કેવી રીતે વર્ણો માં આવ્યાં. આ ચક્ર ચાલતું રહે છે. હમણાં તમે છો ઈશ્વરીય સંપ્રદાય, આ તમારું અમૂલ્ય જીવન છે જ્યારે તમે ઈશ્વરીય સંતાન બન્યાં છો. બ્રહ્મા દ્વારા બાપ આવીને એડોપ્ટ કરે છે. બાપ છે સ્વર્ગનાં રચયિતા તો સ્વયં જ આવીને સ્વર્ગ નાં માલિક પણ બનાવે છે. હવે આખાં વિશ્વમાં શાંતિ સ્થાપન કરવી - આ બાપનું જ કામ છે. બાપ કહે છે મારો પાર્ટ છે, હું તમને ફરીથી રાજયોગ શીખવાડું છું, જેનાંથી તમે એવરહેલ્દી (સદા તંદુરસ્ત) બનશો. જેવી રીતે દેવતા બન્યાં હતાં, ફરી હવે રીપીટ થાય છે. આ સેપલિંગ (કલમ) લાગી રહ્યું છે. બાપ બાગવાન છે, આમના દ્વારા કલમ લગાવી રહ્યાં છે. બાપ સન્મુખ બેસી સમજાવે છે-મારા સિકીલધા બાળકો, બહુજ સમયથી વિખૂટા પડેલાં બાળકો, યાદ છે ને - મેં તમને સ્વર્ગમાં મોકલ્યા હતાં. પછી તમે ૮૪ નું ચક્ર લગાવીને હમણાં આવીને મળ્યાં છો. હવે પોતાને આત્મા સમજી મુજ બાપ ને યાદ કરો. તમને પાછાં જરુર લઈ જવાનાં છે. તમે ઈચ્છો કે ન ઈચ્છો લઈ જરુર જવાનાં છે. પહેલાં આદિ સનાતન દૈવી રાજ્ય ચાલ્યું પછી આસુરી રાજ્ય ચાલ્યું. દૈવી રાજ્ય પછી પવિત્રતા તો ચાલી ગઈ પછી સિંગલ તાજ થઈ ગયો, હમણાં તો પ્રજા નું પ્રજા પર રાજ્ય છે ફરી દૈવી રાજ્ય ની સ્થાપના થઈ રહી છે. આસુરી રાજ્ય નાં વિનાશ માટે. આ રુદ્ર યજ્ઞ થી આ વિનાશ જ્વાળા પ્રજ્જ્વલિત થઈ છે. તમે પતિત સૃષ્ટિ પર થોડી રાજ્ય કરશો. હમણાં છે સંગમ. સતયુગ માં તો એવું નહીં કહેશો. હમણાં આપ બાળકો પુરુષાર્થ કરી રહ્યાં છો. કરાવવા વાળા કોણ છે? શ્રીમત આપવા વાળા સમર્થ, શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ છે જ એક બાપ. એ જ બ્રહ્મા દ્વારા સ્થાપના કરાવી રહ્યાં છે. બાપ કહે છે ભારત નો મોસ્ટ ઓબીડિયન્ટ સર્વન્ટ (આજ્ઞાકારી સેવાધારી) છું. ભારતને સ્વર્ગ બનાવું છું. ત્યાં યથા રાજા રાણી તથા પ્રજા બધાં સુખી રહે છે. નેચરલ બ્યુટી (કુદરતી સૌંદર્ય) રહે છે. લક્ષ્મી-નારાયણ ને જુઓ કેટલાં સુંદર છે. હેવનલી ગોડ ફાધર છે હેવન (સ્વર્ગ) સ્થાપન કરવા વાળા. આખી દુનિયામાં ગીતા માટે કહે છે કે શ્રીકૃષ્ણ ભગવાનુવાચ. પરંતુ શ્રીકૃષ્ણ તો કહી ન શકે મનમનાભવ, મામેકમ્ યાદ કરો તો વિકર્મ ભસ્મ થાય. બીજો કોઈ ઉપાય પણ નથી. ગંગા તો પતિત-પાવની નથી. તે થોડી કહેશે કે મામેકમ્ યાદ કરો. આ તો એક બાપ જ સમજાવે છે. બાપ આત્માઓ સાથે વાત કરે છે. બાપ જ બધાનાં સદ્દગતિ દાતા છે. એમનાં મંદિર પણ છે. દ્વાપર થી બધાં યાદગાર બનવાનાં શરું થાય છે. સોમનાથ નું મંદિર છે, પરંતુ એ શું કરીને ગયાં છે-આ કોઈ નથી જાણતું. તેઓ શિવ શંકર ને મેળવી (એક કરી) દે છે. હવે ક્યાં શિવ પરમધામ નાં નિવાસી અને ક્યાં શંકર સૂક્ષ્મવતન નાં વાસી. કાંઈ પણ સમજતાં નથી. બાપ કહે છે કેટલાં પણ વેદ શાસ્ત્ર વગેરે કોઈ વાંચે, જપ, તપ કરે પરંતુ મને મળી નથી શકતાં. ભલે હું ભાવના નું ભાડું બધાંને આપું છું, પરંતુ તેઓ તો અખંડ જ્યોતિ બ્રહ્મ ને જ પરમાત્મા સમજી લે છે. બ્રહ્મ નો સાક્ષાત્કાર થાય પરંતુ એનાંથી કાંઈ પણ પ્રાપ્તિ નહીં થાય. કોઈને હનુમાન નો, કોઈને ગણેશ નો સાક્ષાત્કાર કરાવું છું, તે તો હું અલ્પકાળ માટે મનોકામના પૂર્ણ કરું છું. અલ્પકાળ માટે ખુશી તો રહે છે. પરંતુ તો પણ બધાંને તમોપ્રધાન તો બનવાનું છે. ભલે આખો દિવસ ગંગામાં જઈને બેસી જાય તો પણ તમોપ્રધાન તો બધાંને બનવાનું જ છે.

બાપ કહે છે પવિત્ર બનો તો પવિત્ર દુનિયાનાં ૨૧ જન્મ માટે માલિક બનશો. બીજો કોઈ સત્સંગ નથી જ્યાં આટલી પ્રાપ્તિ થાય. બાપ જ આવીને રાજયોગ શીખવાડે છે તો કેટલું શ્રીમત પર ચાલવું જોઈએ. ભણતર પર ધ્યાન આપવું જોઈએ. બાપ શ્રેષ્ઠ થી શ્રેષ્ઠ મત આપે છે. શ્રીમત થી ભારત ને સ્વર્ગ બનાવવાનું છે. તમારે ડ્રામા નાં રહસ્ય ને સારી રીતે સમજવાનું છે અને પુરુષાર્થ કરવાનો છે. પુરુષાર્થ કરી એવાં લાયક બનવાનું છે. આપ બાળકોને નશો હોવો જોઈએ કે અમે બાપ ની સાથે સ્વર્ગની સ્થાપના કરવા આવ્યાં છીએ. અમે ત્યાનાં રહેવાસી છીએ. આ શરીરમાં અમે નિમિત્ત માત્ર છીએ થોડા સમય માટે. બાબા પણ થોડા સમય માટે આવ્યાં છે, આ શરીરનું ભાન તૂટી જવું જોઈએ. પોતાનાં બાપ અને વારસા ને યાદ કરો, આને જ સેકન્ડમાં જીવન મુક્તિ કહેવાય છે. બાપ કહે છે હું આવ્યો છું બધાંને પાછા લઈ જવાં. હવે તમે પોતાને આત્મા સમજી સવારે ઉઠીને બાબા ને યાદ કરો. એમની સાથે વાતો કરો. તમે જાણો છો અમારા ૮૪ જન્મ પૂરાં થયાં. હવે અમે ઈશ્વરીય સંતાન બન્યાં છીએ. પછી દૈવી સંતાન, પછી ક્ષત્રિય સંતાન બનીશું. બાબા અમને વિશ્વનાં માલિક બનાવે છે. બાબાની મહિમા કરો. બાબા તમે તો કમાલ કરી છે. કલ્પ-કલ્પ આવીને અમને ભણાવો છો. બાબા તમારું જ્ઞાન બહુજ વન્ડરફુલ છે. સ્વર્ગ કેટલું વન્ડરફુલ છે. તે છે શારીરિક વન્ડર્સ, આ છે રુહાની બાપનું સ્થાપન કરેલું વન્ડર.

બાપ આવ્યાં છે શ્રીકૃષ્ણપુરી સ્થાપન કરવાં. આ લક્ષ્મી-નારાયણે આ પ્રાલબ્ધ ક્યાંથી મેળવ્યું? બાપ દ્વારા. જગત અંબા અને જગતપિતા ની સાથે બાળકો પણ હશે. તે છે બ્રાહ્મણ, જગત અંબા તો બ્રાહ્મણી હતાં. એ છે કામધેનુ. બધાંની મનોકામનાઓ પૂર્ણ કરી દે છે. આ જગત અંબા જ પછી સ્વર્ગ નાં મહારાણી બને છે. કેટલું વન્ડરફુલ રહસ્ય છે. આ બાપ તમારી અવસ્થા જમાવવા માટે ભિન્ન-ભિન્ન યુક્તિઓ બતાવતા રહે છે. રાત્રે જાગો. બાબા ને યાદ કરો તો અંત મતિ સો ગતિ થઈ જશે. જો પૂરો પુરુષાર્થ હશે તો યાદ રહેશે. પાસ વિથ ઓનર (સન્માન સાથે પાસ) થઈને જવાનું છે. ૮ ને જ સ્કોલરશિપ મળે છે. બધાં કહે છે અમે લક્ષ્મી-નારાયણ ને વરીએ, તો પાસ થઈને દેખાડવાનું છે. પોતાને જોવાનું છે કે મારામાં કોઈ વાનરપણું તો નથી? એને કાઢતા જાઓ. જુઓ, આખાં દિવસમાં કોઈને દુઃખ તો નથી આપ્યું? બાપ છે બધાંને સુખ આપવા વાળા. બાળકોએ પણ એવાં બનવાનું છે. વાચા, કર્મણા થી કોઈને પણ દુઃખ નથી આપવાનું. સાચ્ચો-સાચ્ચો રસ્તો બતાવવાનો છે. તે છે હદ નાં બાપનો વારસો. આ છે બેહદનાં બાપ નો વારસો, તે તો જેને મળતો હશે એ જ બતાવશે. જે આપણા ધર્મનાં હશે એમને જટ ટચ (સ્પર્શ) થશે.

બાપ કહે છે ફરીથી દૈવી ધર્મ સ્થાપન કરવા હું બ્રહ્માનાં તનમાં આવું છું. આપ બાળકોની બુદ્ધિમાં છે કે હમણાં અમે બ્રાહ્મણ છીએ પછી દેવતા બનવાનું છે. પહેલાં સૂક્ષ્મવતન માં જઈને પછી શાંતિધામ માં જઈશું. ત્યાંથી પછી નવી દુનિયામાં, ગર્ભ મહેલ માં આવીશું. અહીં ગર્ભજેલ માં આવે છે. એને કહે છે જુઠી માયા, જુઠી કાયા.....બાપ કહે છે કેટલી ધર્મ ગ્લાનિ કરી છે, શિવ જયંતી મનાવે છે પરંતુ શિવ ક્યારે આવ્યાં, કોનામાં પ્રવેશ કર્યો, આ કોઈને ખબર નથી. જરુર કોઈ શરીરમાં આવીને નર્ક ને સ્વર્ગ બનાવ્યું હશે ને. બાપ બાળકોને બહુજ સારી રીતે સમજાવે છે અને સલાહ આપે છે કે પોતાનો ચાર્ટ બનાવો. આખાં દિવસમાં કેટલો સમય બાપ ને યાદ કર્યા! સવારે ઉઠીને બાપ ને, વારસા ને યાદ કરો. આપણે બેહદનાં બાપની સાથે આવ્યાં છીએ. ગુપ્ત વેશ માં ભારતને સ્વર્ગ બનાવવાં. હવે આપણે પાછા જવાનું છે. જતાં પહેલાં પોતાની રાજધાની જરુર સ્થાપન કરવાની છે. હમણાં તમે છો સંગમ પર. બાકી આખી દુનિયા છે કળિયુગ માં. તમે સંગમયુગી બ્રાહ્મણ છો. બાપ બાળકો માટે સૌગાત લઈ આવે છે-મુક્તિ અને જીવનમુક્તિ ની. સતયુગમાં ભારત જીવનમુક્ત હતું, બાકી સર્વ આત્માઓ મુક્તિધામ માં હતાં. બાપ હથેળી પર બહિશ્ત (સ્વર્ગ) લઈ આવે છે તો જરુર એનાં માટે લાયક પણ સ્વયં જ બનાવશે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. સદા આ નશામાં રહેવાનું છે કે અમે બાપ ની સાથે સ્વર્ગની સ્થાપના નાં નિમિત્ત છીએ. બાપ અમને વિશ્વ નાં માલિક બનાવે છે.
2. બાપ સમાન સુખ આપવા વાળા બનવાનું છે. ક્યારેય કોઈને દુઃખી નથી કરવાનાં. બધાંને સાચ્ચો રસ્તો બતાવવાનો છે. પોતાની ઉન્નતિ માટે પોતાનો ચાર્ટ રાખવાનો છે.

વરદાન :- નિમિત્ત અને નમ્રચિત્ત ની વિશેષતા દ્વારા સેવામાં ફાસ્ટ ( તીવ્ર ) અને ફર્સ્ટ નંબર ( પ્રથમ નંબર ) લેવા વાળા સફળતામૂર્ત ભવ

સેવામાં આગળ વધતા જો નિમિત્ત અને નમ્રચિત્ત ની વિશેષતા સ્મૃતિમાં રહે છે તો સફળતા સ્વરુપ બની જશો. જેવી રીતે સેવાઓની ભાગ-દોડ માં હોશિયાર છો એવી રીતે આ બે વિશેષતાઓમાં પણ હોશિયાર બનો, એનાંથી સેવામાં ફાસ્ટ અને ફર્સ્ટ થઈ જશો. બ્રાહ્મણ જીવનની મર્યાદાઓની લકીર ની અંદર રહીને, સ્વયં ને રુહાની સેવાધારી સમજીને સેવા કરો તો સફળતામૂર્ત બની જશો. મહેનત નહીં કરવી પડે.

સ્લોગન :- જે બુદ્ધિ દ્વારા સદા જ્ઞાન રતનો ને ધારણ કરે છે એ જ સાચ્ચા હોલીહંસ છે.